# વિનિવેશ વિરોધ દિન તા. ૨૨.૦૭.૨૦૦૯

પ્રિય સાથીઓ,

આપ સૌ જાણો છો તે પ્રમાણે ભારત સરકાર દ્વારા જાહેર સાહસના એકમો નું વિનિવેશ કરવા અંગે ગંભીરતા પૂર્વક પ્રયત્નો હાથ ધરવામાં આવ્યા છે. જેમાં BSNL ના વિનિવેશ નો પણ સમાવેશ થાય છે. એકવાર વિનિવેશ ની પ્રક્રિયા શરૂ થયા બાદ તેને રોકવું ખૂબજ મુશ્કેલ બની રહેશે. આ જોતા CPSTU દ્વારા સમગ્ર ભારત દેશના જાહેર સાહસના એકમો ના કર્મચારીઓને સંગઠિત થઈ તારીખ ૨૨ જુલાઈ ૨૦૦૯ ને વિનિવેશ વિરોધ દિન ના રૂપમાં મનાવવાનું નક્કી કર્યુ છે. તા. ૦૯.૦૭.૨૦૦૯ ના રોજ સાથી પ્રહલાદ રાય, જનરલ સેક્રેટરી AIBSNLEA ના અધ્યક્ષ પદે JOINT FORUM ની સભા યોજવામાં આવી હતી. સમગ્ર પરિસ્થિતિને ધ્યાનમાં લઈ ને BSNL ના તમામ EXECUTIVE અને NON-EXECUTIVE કર્મચારી ની રેલી,ધરણા અને દેખાવો નું આયોજન કરીને તા. ૨૨ જુલાઈ ૨૦૦૯ ને વિનિવેશ વિરોધ દિવસ તરીકે મનાવવાનું નક્કી કરવામાં આવેલ છે.

આપ સૌ સાથીઓને જણાવવાનું કે JOINT FORUM BSNL અને તેના ત્રણ લાખ કર્મચારીઓનું હિતનું રક્ષણ કરવા કટીબધ્ધ છે.

આપ સૌ સાથી મિત્રોને **તા. ૨૨ જુલાઈ ૨૦૦૯ ને વિનિવેશ વિરોધ દિવસ** તરીકે સફળતા પૂર્વક મનાવવા હાર્દિક અપીલ છે.

આપ સૌના આભાર સહ

આપનો

**VAN NAMBOODIRI**
CONVENOR
JOINT FORUM OF BSNL UNIONS

**M.K.DAVE**
CIRCLE SECRETARY
BSNLEU, GUJARAT